ગુર્જરી વારસો

# સ્થાનિક કળાથી વૈશ્વિક બજાર સુધીની જસદણ પટારીની સફર

ગુજરાત રાજ્ય વિકાસ, ઉદ્યોગ અને ટેક્નોલોજીના ક્ષેત્રે સતત નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. આ આધુનિક પ્રગતિની સાથે રાજ્યની સદીઓ જૂની સંસ્કૃતિ, પરંપરા અને કળાનો અણમોલ વારસો પણ આજે વૈશ્વિક મંચ પર ગૌરવપૂર્વક આગવી ઓળખ મેળવી રહ્યો છે.

**ઐતિહાસિક સિદ્ધિઃ GI ટેગનું કાનૂની રક્ષણઃ** ગુજરાતના સમૃદ્ધ હસ્તકલા વારસામાં તાજેતરમાં એક ઐતિહાસિક સીમાચિહ્ન ઉમેરાયું છે. જસદણની સદીઓ જૂની અને પ્રખ્યાત 'જસદણ પટારી'ની હસ્તકલાને વર્ષ 2025-26 માટે સત્તાવાર રીતે જિયોગ્રાફિકલ ઇન્ડિકેશન રજિસ્ટ્રેશન મંજૂર થયું છે. રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંકે તેની 'ગ્રામ્ય વિકાસ નિધિ' (GVN) યોજના હેઠળ આ પ્રક્રિયાને નાણાકીય અને વહીવટી મદદ કરી છે, જ્યારે કારીગરોમાં જાગૃતિ અને ઐતિહાસિક દસ્તાવેજીકરણની કામગીરી સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન (સીઈઈ)એ કરી છે.

**કલાત્મક વિશેષતા અને આધુનિકતાનો સમન્વયઃ** જસદણના કારીગરોને વારસામાં મળેલી કુશળતા આ કૃતિઓમાં ગ્રામ્ય જીવનની સુગંધ સાથે જીવંત દેખાય છે. લાકડું, એલ્યુમિનિયમ ફોઈલ અને પતરાનો ઉપયોગ કરીને કારીગરો અદભુત બાજોઠ, ડ્રાયફ્રૂટ બોક્સ, જ્વેલરી બોક્સ અને બેંગલ બોક્સ જેવી સુશોભન વસ્તુઓ તૈયાર કરે છે. કારીગરો કોઈ આધુનિક ફેક્ટરીની જેમ નહીં, પરંતુ સદીઓ જૂની પરંપરાગત પદ્ધતિથી હાથ વડે જ દરેક વસ્તુનું નિર્માણ કરે છે, જેથી દરેક કૃતિ અનન્ય બને છે. સમય સાથે આધુનિકતા સ્વીકારીને આ ઉદ્યોગ આજે વન સ્ટોપ ડેસ્ટિનેશન બન્યો છે.

**રોજગારી અને વૈશ્વિક નિકાસની ક્ષમતાઓઃ** જસદણમાં હેન્ડીક્રાફ્ટના 100થી વધુ નાના-મોટા યુનિટ કાર્યરત છે, જેની સાથે 7000થી વધુ લોકો સીધી કે આડકતરી રીતે જોડાયેલા છે. સ્થાનિક બહેનો પણ આમાં મીનાકારી અને શણગારનું કામ કરીને આજીવિકા મેળવે છે. અહીંની વસ્તુઓ ગુજરાત ઉપરાંત ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાં વેચાય છે. એટલું જ નહીં, લંડનમાં જસદણના મંદિરોની અને સ્પેનમાં જ્વેલરી બોક્સની બોલબાલા છે. રાજકોટ ખાતે યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત રિજિનલ કોન્ફરન્સ અને 'વોકલ ફોર લોકલ' જેવા અભિયાનો આ કળાને વૈશ્વિક બજારમાં નવી ઓળખ અપાવી રહ્યા છે.

**અસરઃ** જીઆઈ ટેગ મળવાને કારણે હવે બજારમાં છેતરપિંડી કે નકલ અટકશે અને માત્ર સ્થાનિક કારીગરો પાસે જ તેનો કાનૂની હક મળશે. આ કાયદાકીય સુરક્ષા આંતરરાષ્ટ્રીય સ્તરે કિંમતો અને માંગમાં વધારો કરશે, જે ગ્રામીણ મહિલાઓ અને યુવાનોની ભાગીદારી વધારીને ગુજરાતના ટકાઉ આર્થિક વિકાસને નવી ગતિ આપશે. આ રીતે જસદણ પટારી ગુજરાતના ઐતિહાસિક વારસાના સંવર્ધન સાથે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવતી અનોખી સાંસ્કૃતિક ધરોહર તરીકે વૈશ્વિક મંચ પર પોતાની આગવી ઓળખ ઊભી કરશે.